યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ, સંચાર કરો સકલ કર્મે શાંત તોમાર છંદ

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૭ | ૧૭ એપ્રિલ, ૨૦૨૦, શુક્રવાર; ચૈત્ર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# IPL-20 સ્થગિત કરવાનો અંતે નિર્ણય

**કોરોના મહામારી-લોકડાઉનની સ્થિતિને ધ્યાનમાં લઇ આગામી હુકમ સુધી આઈપીએલ-૨૦ને સ્થગિત કરવા આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલનો નિર્ણય : ટીમ માલિકો, બ્રોડકાસ્ટર, સ્પોન્સરને જાણ કરી દેવાઈ**




નવીદિલ્હી, તા. ૧૬

કોરોના વાયરસ મહામારીના કારણે દેશવ્યાપી લોકડાઉન ત્રીજી મે સુધી વધારી દેવામાં આવ્યા બાદ બીસીસીઆઈએ ઇન્ડિયન પ્રિમિયર લીગને અચોક્કસ મુદત સુધી મોકૂફ કરવાનો આજે નિર્ણય કર્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. ઇન્ડિયન પ્રિમિયર લીગની સંચાલન પરિષદે આજે ૨૦૨૦ સત્રને આગામી સૂચના જારી કરવામાં ન આવે ત્યાં સુધી સ્થગિત રાખવાનો નિર્ણય લીધો હતો. આઈપીએલની શરૂઆત ૨૯મી માર્ચથી થનાર હતી પરંતુ પહેલા આને ૧૫મી એપ્રિલ સુધી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો હતો. બીસીસીઆઈએ હવે આઈપીએલ-૨૦૨૦ સિઝનને આગામી આદેશ સુધી સ્થગિત કરવાનો નિર્ણય લઈ લીધો છે. આઈપીએલને મોકૂફ કરાશે કે કેમ તેને લઈને હાલમાં ચર્ચા ચાલી રહી હતી. બોર્ડે આ સંદર્ભમાં ઈન્ડિયન

● અનુસંધાન પાન-૭ પર

## ચીનની શરમજનક હરકત

# ભારતને નીચલા સ્તરના પીપીઈ કિટ સપ્લાય થયા

**ચીનમાંથી આવેલી ૧.૭૦ લાખ પીપીઇ કિટ્સ પૈકી કુલ ૫૦ હજાર ક્વોલિટી ટેસ્ટમાં ફેઇલ : અહેવાલમાં ઘટસ્ફોટ**

નવી દિલ્હી,તા. ૧૬

દેશમાં પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ (પીપીઈ)ની કમીની સમસ્યાથી કોઈ રાહત મળી રહી નથી. આ મામલાની સાથે જોડાયેલી એક વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ચીનમાંથી આવેલા આ મહત્વપૂર્ણ ચીજો કેટલીક ચીજોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી. કારણ કે ભારતમાં કરવામાં આવેલા સુરક્ષા ટેસ્ટમાં આ સાધનો ફેઈલ રહ્યા છે. ચીન આ ઉપકરણનો જથ્થો મોકલનાર દુનિયાના સૌથી પ્રમુખ દેશ પૈકી એક છે. સમગ્ર વિશ્વમાં ચીને નબળા સ્તરના કિટ મોકલીને નવી સમસ્યા સર્જી દીધી છે. દુનિયાની સામે હાલમાં કોરોના સંકટની સ્થિતી છે ત્યારે ચીને શરમજનક હરકત કરી છે. યુરોપિયન દેશો સહિત કેટલીક જગ્યાએ ચીને એટલા નબળા સ્તરના પીપીઈ કિટ મોકલ્યા છે જે તેમને પહેરી શકાય તેમ નથી. સોશિયલ મિડિયા પર તમામ વિડિયો વાયરલ થઈ રહ્યા છે. જેમાં ચીનમાંથી મોકલી દેવામાં આવેલા પીપીઈ કિટ પહેરતાની સાથે જ ફાટી જાય છે. માસ્કના નામે પણ ચીને શરમજનક હરકત



કરી છે. હાલમાં જ ચીને પોતાના નજીકના મિત્ર પાકિસ્તાનને અંડરવેયરથી બનેલા માસ્કનો જથ્થો મોકલી દીધો હતો.

# ભારતનો વિકાસદર ૧.૯ ટકા રહી શકે છે

**કોરોનાની અભૂતપૂર્વ સ્થિતિ છતાં ભારત સૌથી ઝડપથી વિકાસ કરશે : ચીનનો વિકાસદર ૧.૨ ટકા : અમેરિકા તેમજ યુરોપમાં વિકાસનો દર ક્રમશઃ ૬ અને ૬.૬ ટકા સુધી ઘટશે : કોરોના ઉપર એશિયાના દેશનો સારો કોન્ટ્રોલ**

નવીદિલ્હી, તા. ૧૬

કોરોનાના કારણે દુનિયાના દેશોમાં ત્રાહિમામની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કોરોનાના કારણે વર્ષ ૨૦૨૦માં વિશ્વના મોટાભાગના દેશોમાં નેગેટિવ ગ્રોથનો અંદાજ મુકવામાં આવ્યો છે. વિકાસશીલ હોય કે પછી વિકસિત બંને પ્રકારના દેશોમાં કોરોનાની માઠી અસર થઈ છે. આઈએમએફ દ્વારા આજે સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, એશિયન દેશોએ કોરોનાને વધુ સારીરીતે કન્ટ્રોલ કરવામાં સફળતા મેળવી છે. કોરોના મહામારીને રોકવામાં એશિયન દેશોનો દેખાવ સારો રહ્યો છે. આઈએમએફ દ્વારા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૨૦માં વિશ્વના તમામ વિકસિત દેશોમાં વિકાસનો દર નેગેટિવ રહેશે પરંતુ ભારત અને ચીનમાં ગ્રોથરેટ પોઝિટિવ રહેશે.

કોરોનાની મંદી હોવા છતાં ભારત સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસની ગતિ મેળવશે. વર્ષ ૨૦૨૦માં માત્ર બે જ દેશો એવા છે જેમાં વિકાસદર પોઝિટિવ રહેશે. આ વર્ષે ભારતમાં વિકાસદર ૧.૯ ટકા રહેવાનો અંદાજ છે જ્યારે ચીનનો વિકાસદર ૧.૨ ટકા રહેવાનો અંદાજ દર્શાવવામાં આવ્યો છે. આનો મતલબ એ થયો કે, વર્ષ ૨૦૨૧માં ચીન ૯.૨ ટકા અને ભારત ૭.૪ ટકાના દરથી વિકાસ કરી શકે છે. આઈએમએફના એક અધિકારીએ કહ્યું છે કે, કોરોના વાયરસ મહામારીને રોકવાની

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૧૧૮૮૯૪ | ૧૪૧૯૨૨ | ૮૯૨૩૧૨ |
| ભારત | ૧૩૩૩૬ | ૪૩૯ | ૧૭૩૯ |
| ગુજરાત | ૯૨૯ | ૩૬ | ૭૩ |
| ગાંધીનગર | ૧૭ | ૦૧ | ૦૯ |

# દેશમાં કોરોનાએ ઉત્પાત મચાવ્યો

**દેશમાં ૨૪ કલાકમાં ૭૦૦થી વધુ કોરોના પોઝિટિવ કેસો : મૃત્યુ આંક ૪૦૦ને પાર : કુલ સંક્રમિતોનો આંકડો ૧૩૩૩૬એ પહોંચ્યો, ૧૭૩૯ લોકો સ્વસ્થ થયા**

ન્યુ દિલ્હી,તા.૧૬

દેશમાં કોરોનાનો કહેર ચાલી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયનાં આંકડાઓ પ્રમાણે દેશમાં કોરોનાનાં અત્યાર સુધી ૧૩૩૩૬ કેસ આવી ચુક્યા છે. જેમાંથી ૧૭૩૯ લોકો ઠીક થયા છે અને ૪૩૯ લોકોનાં મોત થયા છે. બીજા ફેઝનાં લોકડાઉનનો આજે બીજો દિવસ છે, પરંતુ મહારાષ્ટ્રમાં ૧૬૫, ગુજરાતમાં ૧૦૫, મધ્ય પ્રદેશમાં ૪૨, રાજસ્થાનમાં ૨૫, ઉત્તર પ્રદેશમાં ૧૯ અને પશ્ચિમ બંગાળમાં કોરોનાનાં ૧૮ દર્દીઓ મળી આવતા હજુ પણ કોરોનાનો ખતરો દેશ પર યથાવત છે.

ભારતમાં ૩ મે સુધી લોકડાઉન વધારી દેવામાં આવ્યું છે. કેટલાક લોકો લોકડાઉનને જ કર્ફ્યૂ કહી રહ્યા છે, પરંતુ હકીકત એ છે કે લોકડાઉન અને કર્ફ્યૂ વચ્ચે અંતર છે. અમદાવાદમાં કોટ વિસ્તારો અને સુરતનાં કેટલાક વિસ્તારોમાં કર્ફ્યૂ લગાવી દેવામાં આવ્યું છે જ્યાં કોરોનાનાં સૌથી વધારે કેસો સામે આવ્યા છે. ગુજરાતમાં સૌથી વધારે અમદાવાદમાં ૪૯૨ કોરોનાં કેસ નોંધાયા છે. અમદાવાદનાં કોટ વિસ્તારોમાં કોરોનાએ ભરડો લેતા ત્યાં કર્ફ્યૂ લગાવી દેવામાં આવ્યું છે.

## છેલ્લે... છેલ્લે...

- ભાવનગરમાં ૯૨ વર્ષીય વૃદ્ધ કોરોના સામેના જંગમાં જીતીને સંપૂર્ણ સાજા થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- ગુજરાતમાં પ્રથમ ૧૦૦ કેસ ૧૬ દિવસમાં, બીજા ૧૦૦ કેસ ત્રણ દિવસમાં, આજે ૧૬મીએ એક જ દિવસમાં ૧૦૫ કેસ નોંધાયા.
- સુરતના રેડ ઝોન જાહેર કરાયેલ રાંદેરમાં આલુ-પુરી ખાવા લોકોની પડાપડીનો વિડિયો વાયરલ થતાં પોલીસ તંત્રમાં દોડધામ.
- એક મહિલા પોતાના બિમાર દિકરાને મળવા ત્રણ દિવસમાં ૬ રાજ્યો પસાર કરી ૨૭૦૦ કિલોમીટરનું ડ્રાઈવ કર્યું.
- મહારાષ્ટ્રમાં ૨૩ પોલીસ કર્મચારીઓનો કોરોના પોઝિટિવ.
- દિલ્હીમાં પિઝા ડિલીવરી બોયનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા ૭૦ લોકોને ક્વૉરન્ટાઈન કરાયા.

# વિશ્વમાં કોરોના બેકાબૂ : મૃતાંક ૧૩૪૬૩૨

**વિશ્વના ૨૧૦ દેશોમાં કેસોની સંખ્યા વધીને ૨૦૮૩૬૦૭ ઉપર પહોંચી : કોરોના વિરુદ્ધ જંગ જીતનારાની સંખ્યા ૫૧૦,૬૬૬**

નવી દિલ્હી,તા. ૧૬

કોરોના વાયરસના કારણે કેસો અને મોતનો આંકડો અવિરતરીતે જારી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ વધુ મોત અને નવા કેસોની સાથે આ વાયરસે તેનો આતંક જારી રાખ્યો છે. વિશ્વના ૨૧૦ દેશોમાં નવા કેસોની સાથે જ કેસોની સંખ્યા વધીને ૨૦૮૩૬૦૭ઉપર પહોંચી ગઈ છે. જ્યારે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧૩૪૬૩૨ સુધી પહોંચી ગઈ છે. હજુ દુનિયાના જુદા જુદા દેશોમાં એક્ટિવ રહેલા કેસોની સંખ્યા ૧૪૩૮૩૦૯ નોંધાઈ છે. જ્યારે જીવન મરણની વચ્ચે રહેલા દર્દીઓની સંખ્યા ૫૧૧૪૪ રહી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિકવરીમાં સમય લાગી શકે છે. કોરોના કહેર ક્યારે રોકાશે તે અંગે હાલમાં વાત કરવી ખુબ મુશ્કેલ છે. કારણ કે હાલમાં તો કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. નવા નવા કેસો ખુલી રહ્યા છે. નવા વિસ્તારો પણ સકંજામાં આવી રહ્યા છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે.

જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે. યુરોપમાં ઈટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઈ ચુક્યા છે. આવી સ્થિતીમાં લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે.

## મુંબઈમાં ૧૧ નવા પોઝિટિવ કેસો, ધારાવીમાં સંખ્યા ૭૧

**ધારાવી ઝુંપડપટ્ટીમાં કોરોનાના વધતા કેસોથી બીએમસી ચિંતિત : ધારાવીમાં ૮ના મોત**

મુંબઈ, તા. ૧૬

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં કોરોના કેસોની સંખ્યામાં અતિઝડપથી વધારો થઈ રહ્યો છે. મુંબઈમાં લાખોની વસતી ધરાવનાર ધારાવી ઝુંપડપટ્ટી વિસ્તારમાં કોરોના અતિક્રમણનો પગપેસારો જારી રહ્યો છે. આજે ૧૧ નવા કેસો સપાટી પર આવ્યા હતા. આની સાથે જ ધારાવીમાં પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૭૧ ઉપર પહોંચી ચુકી છે. અહીં કોરોનાના કારણે આઠ લોકોના મોત પણ થઈ ચુક્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે કોરોનાનું વંશસૂત્ર 'જીનોમ' શોધી લીધું




ગાંધીનગર,તા.૧૬

સમગ્ર દેશમાં ગુજરાતની સરકારી લેબોરેટરીએ કોરોના વાઈરસને કાબુમાં લઈ શકાય અને તેનું ઝડપી નિદાન તથા ઉપચારમાં મદદ મળે તેવી એક શોધ કરવામાં સફળતા મેળવી છે. જે ભારત સહિત આખી દુનિયા માટે ઉપયોગી નિવડી શકે તેમ છે. આ શોધને ગુજરાતની એક રહેશે. ઉલ્લેખનીય છે કે વિશ્વભરના ટોચના વૈજ્ઞાનિકો કોરોના વાઈરસની માહિતી મેળવવામાં અસફળ રહ્યા હતા. ત્યારે ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે કરેલી શોધથી માનવજાત માટે આશીર્વાદરૂપ બનશે.

GBRCના ડાયરેક્ટર પ્રો. ચૈતન્ય જોશીએ આ શોધની માહિતી મીડિયાને આપતાં જણાવ્યું

**કોરોના વાયરસનું મૂળ શોધી કાઢ્યાનો ગુજરાતના સરકારનો દાવો : કોવિડ-૧૯ની દવા, રસી અને આડ અસર સહિતની બાબતો શોધવી સરળ બની રહેશે, બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે કરેલી શોધથી માનવજાત માટે આશીર્વાદરૂપ બનશે : દુનિયાના ટોચના વૈજ્ઞાનિકો જે શોધવામાં રહ્યા અસફળ,ગુજરાતને મળી સફળતા, મુખ્યમંત્રીના ટ્વિટર પેજ પર આની માહિતી આપવામાં આવી**

મહત્વની શોધ તરીકે માનવામાં આવી રહ્યું છે. હાલમાં કોરોના વાઈરસે દુનિયાભરમાં કાળો કેર મચાવ્યો છે. ભારતમાં પણ સરકારો દ્વારા તેના કારણે લોકડાઉન જેવા કડક પગલાં લઈને તેને પ્રસરતો અટકાવવા પ્રયાસ થઈ રહ્યા છે. આમછતાં રોજેરોજ રાજ્યમાં કેસો વધી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારની ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે (ય્મ્ઇઝ) કોરોનાનું વંશસૂત્ર શોધી લીધું છે અને તેનું જીનોમ સીકવન્સ શોધી લેવાયું છે. તેના કારણે કોરોનાથી પીડિત આખી દુનિયાને આશીર્વાદરૂપ બનશે. ઝર્સના ટ્વિટર પેજ પર આની માહિતી આપવામાં આવી હતી.

ગુજરાત બાયો ટેક્નોલોજીએ શોધેલા કોરોનાના રંગસૂત્ર એટલે કે જીનોમ સીકવન્સથી કોરોના વાઈરસ કોવિદ ૧૯ની દવા, રસી અને આડ અસર સહિતની બાબતો શોધવી સરળ બની હતું કે, ન્યુકલિક એસિડ ડીએનએ અથવા તો આરએનએ હોઈ શકે છે. માણસમાં ન્યુક્લિક એસિડ હોય છે એ ડીએનએ હોય છે. જ્યારે ઘણા વાઈરસમાં ડીએનએ અને ઘણા વાઈરસમાં આરએનએ સંરચના હોય છે. કોરોના વાઈરસની સંરચના આરએનએની (રાઈબોન્યુકિલિક એસિડ) છે. માણસ, પશુ કે વનસ્પતિ દરેકની સંરચના સંપૂર્ણપણે ન્યુક્લિક એસિડ હોય ડીએનએના આધારે નક્કી થતી હોય છે. તેવી જ રીતે વાઈરસની સંરચના તેમજ તેની પ્રકૃતિ ન્યુક્લિક એસિડના આધારે નક્કી થતી હોય છે. કોમ્પ્યુટરથી લેબોરેટરી સુધીની ચકાસણી ઝડપી બનશે એમ કહીને તેમણે ઉમેર્યું કે, આ સંરચનાનો અભ્યાસ કરવામાં આવે તેની પ્રકૃતિ સમજવામાં

● અનુસંધાન પાન-૭ પર